# Victim First

Leicester, Leicestershire & Rutland



લેસ્ટર, લેસ્ટરશાયર અને રટલેન્ડમાં ગુનાઓના સાક્ષીઓ- વિટ્નેસીસ અને વિક્ટિમ્સ કે ભોગ બનેલ વ્યક્તિઓ માટે વિક્ટિમ ફર્સ્ટ (Victim First) એ કોઈ એક મુકત કે ફ્રી, સ્વતંત્ર અને ખાનગી કે ગોપનીય સેવા- સર્વિસ છે. અમારી અગ્રતા એ ખાતરી કરવાની છે કે દરકેદરેક વ્યક્તિને (બધી ઉંમરનાઓને) પહોંચી વળવામાં (કોપ) અને પુનઃપ્રાપ્તિ કરવામાં (રિકવર) જે મદદની જરૂર હોય તેવો સપોર્ટ આપવામાં આવે છે. અમે એવું સ્વીકારીએ છીએ કે દરેક વ્યક્તિની જરૂરિયાતો જુદી હોય છે, અને તે કારણને લઈને તમારી જરૂરિયાતોને સુયોગ્ય બનાવવા અમારી સર્વિસને એવી રીતે ડિઝાઈન કે આકાર આપવામાં આવેલ છે. ગુનાનો રિપોર્ટ કરવામાં આવ્યો હોય કે નહિ અને જે કંઈ બન્યુ હોય તે પ્રત્યે ધ્યાન આપ્યા વગર, અમે અહીંયા તમારા માટે છીએ.

**0800 953 95 95**

www.victimfirst.org | support@victimfirst.pnn.gov.uk

**અમારી પાસે અનુભવી અને ધંધાધારી – પ્રોફેશનલ કેસવર્કરોની ટીમ હોય છે, કે જેઓને સમર્પિત થયેલ અને ખૂબજ તાલીમવાળા સ્વયંસેવકોની (વોલન્ટિઅર્સ) ટીમ દ્વારા સપોર્ટ મળે છે અને તેઓની પુનઃપ્રાપ્તિના પ્રવાસમાં (જર્નિ) ભોગ બનેલાઓને સપોર્ટ આપવામાં મદદરૂપ બને છે.**

**સપોર્ટ કે ટેકા- મદદમાં કદાચ સમાવેશ થઈ શકેઃ**

**લાગણીવાળો સપોર્ટ**; કેસવર્કર્સને એવી રીતે તાલીમ આપવામાં આવે છે કે તેઓ ધ્યાનપૂર્વક સાંભળી, સમાનુભૂતિ (એમ્પથિ) દર્શાવી અને ભોગ બનેલ વ્યક્તિ ઉપર જે ગુનાની લાગણીવાળી અસર થઈ શકે તે પ્રત્યે ધ્યાન આપે. મોઢા- મોઢ વાતચીત કરવા (ઘરની મુલાકાતે જઇ અથવા કમ્યૂનિટિમાં મુલાકાતો), ફોન ઉપર અથવા વેબ ચેટ મારફતે કોઈ એક વ્યક્તિ હોય. વિશિષ્ટ પરિસ્થિતિઓ કે સંજોગો ઉપર અમે સલાહ અને માહિતી પૂરી પાડીશું.

**ગુનાઓ અટકાવવા માટેના ઉપાયો**; અમારી પાસે લક્ષ્યાંકને મજબૂત બનાવનારી સેવાની – સર્વિસની પ્રત્યક્ષ સુગમતા હોય છે કે જેઓ ગુનાઓને અટકાવવા માટેની આકારણી અને ઉપાયો કોઇ પણ ઉલ્લેખના 48 કલાકોની અંદર તે પૂરી પાડે છે. અમે વિશાળ- વિસ્તીર્ણરીતે ગુનાઓ અટકાવવાની સલાહ પણ પૂરી પાડીએ છીએ.



**માનસિક આરોગ્યને લગતો સપોર્ટ**; અમારી પાસે માનસિક આરોગ્ય નર્સોની સુગમતા હોય છે જેથી કરીને ખાતરી કરી શકાય કે તમારી માનસિક કુશળતા- તંદુરસ્તી માટે તમને વિશિષ્ટ સપોર્ટ આપવામાં આવે છે.



**એડવોકસિ કે હિમાયત**; તમે જે સેવા- સર્વિસ માટે હકદાર હોય તેની સુગમતા સાધવામાં મદદરૂપ બનવા અમે તમારા વતી સંદેશાવ્યવહાર કરી શકીએ દા.ત. સ્થાનિક હાઉસિંગ સત્તાવાળાઓ પાસેથી સપોર્ટ મેળવવાનો પ્રયત્ન કરી શકીએ.

**માહિતી અને સલાહ- સૂચન**; અમે તમને બનાવ અથવા કદાચ મદદરૂપ બની શકે તેવી બીજી સંસ્થાઓ વિષે માહિતી અને સલાહ પૂરી પાડી શકીએ.

**વિશેષજ્ઞ સપોર્ટ માટેની સુગમતા (એકસેસ)**; અમે તમારી પરવાનગી સાથે કોઇ યોગ્ય કે ઉચિત સંસ્થાનું માર્ગદર્શન આપી શકીએ અથવા સીધો- પ્રત્યક્ષ ઉલ્લેખ કરી શકીએ. અમે હંમેશા અનુવર્તી સપોર્ટ ઓફર કરી ખાતરી કરીશું કે તમને એવુ ન લાગે કે તમને વ્યક્તિમાંથી કોઇ વ્યક્તિ પાસે પસાર કરવામાં આવી રહ્યા છે. અમારી ટીમના ભાગ- અંશ રૂપે અમારી પાસે કોઈ વિશિષ્ટ બાળકો અને યુવાનો માટેના કેસવર્કર હોય છે.



**રિસ્ટોરટિવ જસ્ટિસ કે પુનઃસ્થાપનાત્મક ન્યાય**; તમે પ્રત્યક્ષ કે સીધી રીતે ગુનેગાર સાથે સંદેશાવ્યવહાર અથવા મળી શકો તે માટે આ હોય છે. તેઓની વર્તણૂંક માટે તેઓ તેઓની જવાબદારી લેશે અને તમારા ઉપર થયેલ અસરનો તમે ખુલાસો કરી અને પ્રશ્નો પૂછી શકશો. અમારી ટીમના કોઇ ભાગરૂપે, અમારી પાસે કોઇ સમર્પિત થયેલ રિસ્ટોરટિવ જસ્ટિસ કેસવર્કર હોય છે કે જેઓ તમારી સાથે આવા પુનઃસ્થાપનાત્મક ન્યાય વિષે વાતચીત કરી શકે અને તમને જે વ્યક્તિએ હાનિ- નુકસાન કર્યુ હોય તેની સાથે જો તમને વાતચીત કરવાની તક જોઈતી હોય તો તપાસ કરી શકે.